**વિષય : ગુજરાતી** **ધોરણ : 7** **સત્ર : 1**

# એકમ કસોટી

## 10. વલયની અવકાશી સફર — જવાબવહી

### પ્રશ્ન–1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

**(1) પરગ્રહનું યાન કેવું હતું ? તેનું વર્ણન કરો.**

**ઉત્તર :** પરગ્રહનું યાન લંબગોળ આકારનું હતું. તેની આસપાસ ન વર્ણવી શકાય તેવી વિચિત્ર વાસ આવતી હતી. તેમાં ક્યાંય દરવાજો કે બારી જેવું નહોતું. ખૂબ જ ઠંડી લાગતી હતી. તેમાં અંદર રાતો પ્રકાશ અને ઠંડી હતી.

**(2) પરગ્રહવાસીનું શરીર કેવું લાગતું હતું ?**

**ઉત્તર :** પરગ્રહવાસીનું શરીર વિચિત્ર લાગતું હતું. તેનું શરીર રાખોડી રંગના રબરમાંથી બનેલું હોય તેવું નરમ લાગતું હતું. નાક-કાન નહોતું. આંખો ગોળ હતી. આંખો કપાળથી નીચે હતી. માથા પર રાખોડી રંગના ઍરિયલ જેવી રચનાઓ હતી. માથા પર વાળ નહોતા. તેના હાથનાં વિચિત્ર લાંબા આંગળા પર પુશબટન જેવી સ્વિચો હતી.

**(3)** શનિના ઉપગ્રહ ટીટાન પર રાતો પ્રકાશ જ શા માટે જોવા મળે છે ?

**ઉત્તર :** શનિની બાકીના ગ્રહો કરતાં આ ઉપગ્રહની રચના વિશિષ્ટ છે. તેની આસપાસ વલયો છે. એમાંના બે વલયોમાંથી સૂર્યપ્રકાશ પરાવર્તન અને વક્રીભવન પામી ટીટાન ઉપગ્રહ પર આવે છે. જેમાં મોટી તરંગલબાઈ ધરાવતો લાલ રંગ જ ત્યાં પહોંચે છે, તેથી ટીટાન ઉપગ્રહ પર રાતા પ્રકાશ સિવાય કંઈ જ નથી.

**(4) વલય અને તેના મિત્રો પરગ્રહવાસીઓનાં કબજામાંથી કેવી રીતે છૂટ્યા ?**

**ઉત્તર :** વલયને ખબર પડી કે પરગ્રહવાસીઓ શનિના વલયોમાંથી વક્રીભવન પામતો મોટી તરંગલંબાઈવાળો પ્રકાશ જ સહન કરી શકે છે, ત્યારે વલયે પોતાના ખિસ્સામાંથી ટૉર્ચ કાઢી અને તેનો પ્રકાશ પરગ્રહવાસી પર ફેંક્યો, જેના કારણે તેમનો બૉસ ચિત થઈ ગયો. બૉસની જે સ્થિતિ કરી તેવી બાકીના પરગ્રહવાસીઓને કરવાની ધમકી આપી. આ ધમકીથી પરગ્રહવાસીઓ ડરી ગયા અને તેમણે પૃથ્વી પર પાછા મોકલવા યાનની વ્યવસ્થા કરી. આમ, આ રીતે વલય અને તેના મિત્રો પરગ્રહવાસીઓનાં કબજામાંથી છૂટ્યા.

વિષય : ગુજરાતી　　　　ધોરણ : 7　　　　સત્ર : 1

# એકમ કસોટી

## 10. વલયની અવકાશી સફર　　　　જવાબવહી

### પ્રશ્ન–2. નીચે આપેલા વાક્યોમાંથી ખરાં વાક્ય સામે '✓' ની અને ખોટાં વાક્ય સામે '×' ની નિશાની કરો.

(1) 'મહેશ ગીતસ્પર્ધામાં પહેલો આવ્યો.' અહીં 'પહેલો' શબ્દ ગુણવાચક વિશેષણ છે. – **×**

(2) અવકાશયાનમાંથી પરગ્રહવાસીઓ ધરતી પર ઊતર્યા હતા. – **×**

(3) 'સફેદ હંસ પાણીમાં તરે છે.' અહીં 'સફેદ' ગુણવાચક વિશેષણ છે. – **✓**

(4) 'રૂપેરી ચાંદો ઊગ્યો.' અહીં 'ચાંદો' શબ્દ સંજ્ઞા છે. – **✓**

### પ્રશ્ન–3. નીચે આપેલા વાક્યો કોણ બોલે છે તે લખો.

(1) 'અરે, આ વગર દિવાળીએ રૉકેટ કોણે ફોડ્યું વળી ?' – **વલય**

(2) 'આ.... આવું મોટું પ્રકાશિત ગોળા જેવું શું હશે ?' – **વિરાટ**

(3) 'આ કોઈ બીજા ગ્રહનું યાન લાગે છે.' – **વિસ્મય**

(4) 'તો, અમે પૃથ્વી પરથી સમગ્ર માનવજાતનું નિકંદન કાઢી નાખીશું ?' – **પરગ્રહવાસી બૉસ**

### પ્રશ્ન–4. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(1) પૃથ્વી પર ન રહેતું હોય તેવું – **પરગ્રહવાસી**

(2) સંદેશો ટાઇપ કરવા માટે કી-બોર્ડ જેવું સાધન – **કન્ટ્રોલબોર્ડ**

(3) કંઈક માગણી અંગેની ધમકીભરી ચિઠ્ઠી – **જાસાચિઠ્ઠી**

(4) બે ભાષામાં વાત કરી શકે એ – **દુભાષિયો**